કેસરીસિંહ



જયચંદ તલકશી એન્ડ સન્સ એમ્પાયર બીલ્ડીંગ હૉર્નબી રોડ મુંબાઈ

શિશુ સાહિત્યમાળા પુષ્પ ૧૧મું

કે સ રી સિં હ

-લેખક-

મોંઘી બહેન

-પ્રકાશક-

જેચંદ તલકશી એન્ડ સન્સ
એમ્પાયર બીલ્ડીંગ, હોર્નબી રોડ
મુંબઇ.

કિંમત ૦-૩-૦

આવૃત્તિ પહેલી ∴ સને ૧૯૩૯

શિશુ સાહિત્યમાળા

સંપાદક:

વજુભાઇ દવે,

એલિસબ્રિજ, અમદાવાદ.

મુદ્રક

મનુભાઇ અમૃતલાલ શેઠ,

સ્વાધીન મુદ્રણાલય, રાણપુર.

કેસરીસિંહ

એક હતો રાજા.

એને એક કુંવર.

તેનું નામ કેસરીસિંહ.

કેસરીસિંહની માતા મૃત્યુ પામી ત્યારે તે નાનો હતો.

રાજા નવી રાણી પરણ્યા.

એક વખત કેસરીસિંહ ઝરૂખામાં બેસી દાતણ કરતો હતો, ત્યાં એક બ્રાહ્મણ નીકળ્યો. તેના હાથમાં એક કાગળ હતો. તેમાં ચાર સાર લખ્યા હતા.

કુંવરે બ્રાહ્મણને બોલાવ્યો અને ચાર સાર વાંચી સંભળાવવાનું કહ્યું. બ્રાહ્મણે ચારે સાર વાંચી સંભળાવ્યા, તે નીચે પ્રમાણે છે.

આગમનં પગ ઠેશનમ.
નારી પંથ નીવારમ.
સુખે ભાઇ ને દુઃખે મિત્ર.

નજીવી નગરીમાં જાગે તે જીવે ને ઊંઘે તે મરે.

કુંવરને આ ચાર સાર લેવાનું મન થયું. તેણે બ્રાહ્મણને તેની કિંમત પૂછી. બ્રાહ્મણે કહ્યું, 'સવા લાખ રૂપિયા.' કુંવરે બ્રાહ્મણને સવાલાખ રૂપિયા આપી તે ચાર સાર લીધા ને પોતાની પાસે રાખ્યા.

નવી રાણીને આ વાતની ખબર પડી. એટલે તેણે રાજાને વાત કરી કે, 'તમે તો કુંવરને બહુ માથે ચડાવો છો, કાંઇ બોલતા પણ નથી. કાગળના એક કટકા પાછળ સવાલાખ રૂપિયા ખર્ચ્યા! એમ પૈસા ઉડાવે તો આપણા ભંડાર પણ ખૂટી જાય.'

રાજા કહે, 'હશે. એ તો ઇચ્છા થાય તો ગમે તે લે. રાજા છે કે વાતો? એવા સવાલાખ રૂપિયા તો ક્યાંઇ ખર્ચાઇ જતા હશે.'

રાણીને આથી બહુ ખોટું લાગ્યું. કુંવર

ઉપર એને બહુ ઝેર ચડયું. તેણે કુંવરને મારી નાખવાનો વિચાર કર્યો.

પછી રાણી કુંવર સાથે દેખાવમાં બહુ સારી રીતે વર્તવા લાગી. થોડા દિવસ ગયા એટલે રાણીએ કુંવરને પોતાને ઘેર જમવા નોતર્યા.

કુંવર જમવા આવ્યા. પાટલે બેસવા જાય ત્યાં તેને પેલો સાર સાંભર્યો.

આગમનં પગ ઠેશનમ.

કુંવરે તરત જ પાટલાને ઠેશ મારી, ત્યાં નીચેથી દીવો નીકળ્યો. કુંવર જમ્યા વિના ચાલ્યો ગયો.

રાણીએ પાટલા નીચે ઝેરની દિવેટ મૂકી કુંવરને મારી નાખવાનો વિચાર કર્યો હતો. કુંવર જમે એટલી વારમાં દીવાનું ઝેર પાટલામાં થઇ કુંવરના શરીરમાં ફેલાઇ જાય.

રાણીને લાગ્યું કે હવે આપણું આવી બન્યું. કુંવર રાજાને વાત કરશે એટલે રાજા મને મારી નાખ્યા વિના રહેશે નહિ.

રાજાને આવવાનો વખત થયો ત્યારે રાણીએ ઘરેણાંગાંઠાં કાઢી નાખ્યાં ને રીસાઇને બેઠાં.

રાજાએ આવીને કહ્યું, 'રાણીજી! આજ આમ કેમ?'

રાણી કહે, 'કાંઇ નહિ.'

રાજા કહે, 'કહો તો ખરાં, કીધા વિના કાંઇ ખબર પડે?'

રાણી–'આ તમારો લાડકો કુંવર–મેં જ્યારે એને હોંશથી જમવા બોલાવ્યો ત્યારે મારૂં અપમાન કરીને ચાલ્યો ગયો. મારૂં આવું અપમાન કર્યું તોય તમારે કાંઇ નહિ. આજ કાં તો એ નહિ કાં તો હું નહિ.'

રાણીએ રાજાને ખૂબ ભંભેર્યા એટલે રાજાને રીસ ચડી. તેણે કુંવરને બોલાવીને કહ્યું, 'જા, તને હું બાર વર્ષનો દેશવટો આપું છું. કાળો ઘોડો અને કાળો પોશાક પહેરીને મારા રાજ્યમાંથી ચાલ્યો જા.'

કુંવરે મૂંગા મૂંગા રાજાને નમન કર્યું, અને

કાળો પોશાક પહેરીને અને કાળા ઘોડા ઉપર બેસીને ચાલી નીકળ્યો.

કુંવરને ત્રણ મિત્રો હતા. એક બ્રાહ્મણ, બીજો સુતાર, અને ત્રીજો ભરવાડ.

કુંવર થોડેક ગયો ત્યાં બ્રાહ્મણ સામો મળ્યો.

બ્રાહ્મણે કહ્યું, 'અરે ભાઇ! આમ ક્યાં ચાલ્યા? આ કાળો ઘોડો ને કાળાં લૂગડાં પહેરીને! છે શું?

કુંવરે કહ્યું, 'બાપુએ મને દેશવટો દીધો છે.'

બ્રાહ્મણે કહ્યું, 'હું સાથે આવું?'

કુંવરે ના પાડી અને કહ્યું, 'તમારે શું કામ આવવું જોઇએ? તમારાં બાયડી છોકરાં હેરાન થાય.'

બ્રાહ્મણ કહે, 'હું તો આવીશ જ. દુઃખમાં ભાઇબંધ કામ ન આવે તો કોણ આવે? ઊભા રહો, હું તમારી ભાભીને કહીને આવું છું.'

કુંવરે બ્રાહ્મણને ઘણો સમજાવ્યો પણ તેણે માન્યું નહિ. કુંવરે મુઠ્ઠી ભરી સોનામહોરો આપી કહ્યું, 'લ્યો આ મારી ભાભીને આપતા આવજો. ઇ વાંસેથી મૂંઝાય નહિ.'

બ્રાહ્મણ અને કુંવર બન્ને ચાલ્યા જાય છે. ત્યાં સુતાર સામો મળ્યો.

સુતાર કહે, 'ભાઇ બેઇ જણા ક્યાં ચાલ્યા છો અમને ખબરે નથી કરતા?'

કુંવરે બધી વાત કરી. સુતાર કહે, 'હું યે સાથે આવું.' રાજકુંવરે ઘણી ના પાડી પણ સુતારે માન્યું નહિ.

ત્રણે ચાલી નીકળ્યા.

થોડેક દૂર ગયા ત્યાં ભરવાડ સામો મળ્યો. તે પણ સાથે થયો.

ચારે મિત્રો વાતો કરતા ચાલ્યા જાય છે.

કુંવરે બ્રાહ્મણને પૂછ્યું, 'ભાઇ, તમે શું જાણો છો?'

બ્રાહ્મણ કહે, 'હું એવી વિદ્યા જાણું છું કે છ મહિનાનું મરી ગયેલું બેઠું કરૂં. એક હાડકું હોય, તોપણ છ મહિનામાં મરી ગયેલાને હું જીવતું કરૂં.'

પછી કુંવરે સુતારને પૂછ્યું, 'ભાઇ, તમે શું જાણો છો?'

સુતાર કહે, 'હું એ જાતનાં વિમાન કરી જાણું છું. સોળ કળાનું ને બાર કળાનું. એમાં બેસીને રાતોરાત જ્યાં જવું હોય ત્યાં ઘડીક વારમાં જવાય.'

પછી ભરવાડને કહ્યું, 'તમે શું જાણો છો?'

ભરવાડ કહે, 'અમે તો ભરવાડ કહેવાઇએ. અમે શું જાણીયે. તોપણ છ મહિનામાં મરી ગયેલું હોય તેનું એક હાડકું જડે તોપણ જાણી જાઉં કે આ કોનું હાડકું છે. વળી છ મહિનાની અંદરનું કાંઇ પણ નિશાન હોય તો તે કોનું છે તે મને ખબર પડે.'

કુંવરે કહ્યું, 'ત્યારે તો ઠીક.'

ત્રણે મિત્રોએ કુંવરને કહ્યું, 'પણ તમે શું જાણો છો એ તો કહો?'

કુંવર કહે, 'હું તો મારામાર અને કાપાકાપ જાણું છું, લડાઇ કરવી હોય તો મારૂં કામ. બીજું શું?'

ચારે મિત્રો ચાલ્યા જાય છે. બરાબર બાર વાગ્યા છે. ભૂખ કકડીને લાગી છે. કુંવરે કહ્યું, 'લ્યો મારી આ વીંટી. સામેના ગામમાં વેચીને તેમાંથી થોડા પૈસાનું ખાવાનું લઇ આવો.'

એક જણ ખાવાનું લેવા ગયો. કુંવર નદીએ નહાવા ગયો. ત્યાં તેણે એક હાડકું ભાળ્યું. કુંવરે વિચાર કર્યો કે ચોમાસું હમણાં ગયું છે. આ હાડકું તણાઇને આવ્યું હશે. છ મહિના થયા નથી લાગતા. લાવને લઇ જાઉં, બધાની પરીક્ષા થશે.

કુંવર હાડકું લઇને આવ્યો ને ભરવાડને કહ્યું, 'આ હાડકું કોનું છે?'

ભરવાડે કહ્યું, 'આ તો સિંહનું છે.'

કુંવરે બ્રાહ્મણને કહ્યું, 'આને જીવતો કરો.'

બ્રાહ્મણ કહે, 'જીવતો તો કરૂં પણ પછી આપણને મારી નાખશે તો?'

કુંવર કહે, 'હું બેઠો છું ને સિંહને મારવો એ મારૂં કામ.'

કુંવરની હઠ જોઇને બ્રાહ્મણ તો મંત્ર ભણવા માંડયો. એક મંત્ર ભણ્યો ત્યાં તો સિંહનાં હાડ-કાંનું આખું માળખું તૈયાર થઇ ગયું. બીજો મંત્ર ભણે ત્યાં ચરબી આવી. ત્રીજે મંત્રે ચામડી અને રૂંવાડાં આવી ગયાં, હવે એકજ મંત્ર ભણવાની વાર હતી. બ્રાહ્મણ કહે, 'જો જો હમણાં સિંહ બેઠા થશે. હજી રહેવા દ્યો તો સારૂં.'

કુંવર કહે, 'કાંઇ ફીકર નહિ. હું હાજર છું.'

કુંવર તરવાર કાઢી ઊભો રહ્યો. બીજા ત્રણે ઝાડ ઉપર ચડી ગયા. ચોથો મંત્ર ભણીને બ્રાહ્મણ જ્યાં અંજલિ નાખે ત્યાં તો હુંકાર કરતો સિંહ ઊભો થયો. કુંવર સિવાય બધા ધ્રૂજવા લાગ્યા.

કુંવર તરવાર કાઢી ઊભો રહ્યો, અને સિંહની સાથે લડાઇ કરવા તૈયાર થયો. કુંવરને સિંહની સાથે વઢતો જોઇને તેના મિત્રોએ વિચાર કર્યો, કે આપણે આગળ જઇને ઊભા રહીએ. ત્યાં કુંવર આવી પહોંચશે. એમ કહી તેઓ આગળ ચાલતા થયા.

કુંવર સિંહને મારીને આગળ ચાલ્યો. જરા

આઘે જાય ત્યાં બે રસ્તા આવ્યા. કુંવર વિચારમાં પડયો. શું કરવું ? કયે રસ્તે જવું ? મારા મિત્રો કયે રસ્તે ગયા હશે ? બહુ બહુ વિચાર કર્યા પછી કુંવર જમણે રસ્તે ચાલ્યો. જ્યારે તેના મિત્રો ડાબે રસ્તે ગયા હતા.

કુંવર તો ચાલ્યો જાય છે, મિત્રોનો કયાંઇ પત્તો લાગતો નથી. જંગલ પછી જંગલ અને નદી પછી નદી આવતી જાય છે. ચાલતાં ચાલતાં, સાંજે કુંવર એક મોટા શહેરમાં આવ્યો.

કુંવર શહેરમાં ગયો પણ તેમાં માણસનું નામ ન મળે. માલથી ભરેલી દુકાનો ઉઘાડી પડી હતી. કયાંક ત્રાજવામાં તોળેલો માલ એમને એમ પડયો છે. સોનીની દુકાનમાં દાગીના પડયા છે, ઝવેરીની દુકાનમાં હીરા માણેક પડયાં છે. પણ કયાંઇ કોઈ માણસ ન મળે.

રાજકુંવર તો આશ્ચર્ય પામતો જોતો જોતો ચાલ્યો જાય છે. જોતાં જોતાં રાજમહેલ આગળ આવી પહોંચ્યો. ઘોડાને બહાર રાખી કુંવર રાજ-

મહેલમાં ગયો. બધે જોયું પણ ક્યાંઇ માનવીનું જણ્યું ન મળે.

કુંવર તો ઉપર ચડયો. એક માળ, બે માળ ચડયો ત્યારે 'કિચૂડ કિચૂડ' હીંચકાનો અવાજ આવવા લાગ્યો.

કુંવર વિચારમાં પડી ગયો કે આ શું ? આખા શહેરમાં કોઇ નહિ, અને અહીં રાજમહેલમાં કોઇ હીંચકતું હોય એવું લાગે છે.

રાજકુંવર આગળ ગયો. સાતમે માળે ગયો ત્યાં એક મીંદડીને હીંચકતી જોઇ. કુંવરને બહુ જ નવાઇ લાગી. આ શું ? આખા શહેરમાં કોઇ નહિ અને અહીંઆં આ મીંદડી હીંચકે છે ?

મીંદડી કુંવરને ભાળીને આંખના ઇસારાથી પાસે બોલાવવા માંડી. કુંવર એની પાસે ગયો, અને હીંચકા ઉપર બેસી ગયો. મીંદડીએ કુંવરને એક ટાંકું દેખાડયું. કુંવરે ત્યાં જઇ ટાંકું ઉઘાડયું. તેમાં બે ડાબલી હતી. એક સોનાની ને બીજી રૂપાની. મીંદડીએ તેમાંથી પોતાની

આંખમાં આંજવા ઇસારો કર્યો. કુંવરે મીંદડીની આંખમાં એ ડાબલીમાંથી આંજ્યું. તરત જ કુંવરના આશ્ચર્ય વચ્ચે મીંદડી સોળ વર્ષની સુંદરી થઇને ઊભી રહી.

કુંવરે પૂછ્યું, 'તમે કોણ છો ?'

પેલી સુંદરી કહે, 'હું એક રાજાની દીકરી છું. મને અહીંનો રાક્ષસ ઉપાડી લાવ્યો છે. મને એ રાખે છે તો બહુ સારી રીતે, પણ મને અહીં ગમતું નથી. રાક્ષસ આ ગામના બધા માણસોને ખાઇ ગયો છે. એક પક્ષીએ અહીંથી ઊડી શકતું નથી. તમને જોઇને હું બહુ ખુશી થઇ છું. મને તમે અહીંથી છોડાવો.'

રાક્ષસ રોજ સવારે અહીંથી જાય છે, ત્યારે આ રૂપાની ડાબલીમાંથી દવા આંજી મને મીંદડી કરે છે, ને સાંજે આ સોનાની ડાબલીમાંથી દવા આંજી મને માણસ બનાવે છે. હવે એને આવવાનો વખત થયો છે, માટે તમે ઝટ સંતાઇ જાઓ, નહિ-તર તમને એ ખાઇ જશે.'

કુંવર ઘોડા ઉપર બેસી આસપાસનાં જંગલમાં

ચાલ્યો ગયો. થોડી વારે રાક્ષસ આવ્યો. તેને માણસની વાસ આવવા લાગી, 'માણસ ગંધાય, માણસ ખાઉં' 'માણસ ગંધાય, માણસ ખાઉં' એમ બોલતો બોલતો તે મહેલમાં આવ્યો.

આવીને પેલી મીંદડીને માણસ બનાવીને કહ્યું, 'મને માણસની વાસ આવે છે.'

કુંવરી કહે, 'અહીં તો હું માણસ છું, મને ખાઇ જાઓ.'

રાક્ષસ કહે, 'તને ખાવી હોય તો રાખું શું કરવા? તું તો મારી દીકરી છો.'

સવાર પડ્યું. રાક્ષસ ચાલ્યો ગયો. કુંવર જંગલમાંથી પાછો આવ્યો ને સાંજ સુધી બન્નેએ મજા કરી. સાંજે કુંવર સંતાઇ ગયો.

એમ તેઓ રોજ મજા કરવાં લાગ્યાં. થોડા દિવસ એમ વીત્યા.

એક દિવસ કુંવરે કુંવરીને કહ્યું કે 'તમે રાક્ષસને પૂછી જોજો કે તમારૂં મોત શેણે છે. આમ ને આમ ક્યાં સુધી ચાલે?'

કુંવરી કહે, 'આજ વાત, સાંજે પૂછી જોઇશ.'
સાંજે રાક્ષસ આવ્યો. કુંવરી તો હીબકાં ભરી ભરીને રોવા માંડી.

રાક્ષસ કહે, 'છે શું ? કોઇ દિવસ નહિ અને આજ તું શું કામ રોવે છે. હું છું ને, તારે શું દુઃખ છે ?'

કુંવરી કહે, 'મારે આ માણસ વિનાના ગામમાં રહેવું ને તમારે તો આખો દિવસ જંગલમાં રખડયા કરવું. તમને કોઇ મારી નાખે તો મારી શી દશા થાય.'

રાક્ષસ કહે, 'તું ગાંડી થઇ છો કે શું ? મારૂં તો મોત જ નથી, મને કોણ મારે ?'

કુંવરી કહે, 'નામ એનો નાશ તો છે જ. કોઇ અમર નથી. તમારૂંય મોત તો હશે જ. માટે તમારૂં મોત શેણે છે એ મને કહો તો નિરાંત થાય.'

રાક્ષસ કહે, 'જો આ હેઠે કેળ છે. એ કેળમાં એક ભમરો છે. જયારે હું પૂજા કરવા બેસું ત્યારે જો કોઇ એકજ ઘાએ–ઝાટકે–કેળને કાપી

તે ભમરાને મારી નાખે તો મારૂં મોત થાય. પણ...ઇતો અહીંથી આઘે આઘે એક રાજ્ય છે. ત્યાંનો કુંવર કેસરીસિંહ જો અહીં આવે તો એને હાથે મારૂં મોત છે. ઇ અહીં ક્યાંથી આવે અને મારૂં મોતે ક્યાંથી થાય.'

કુંવરી મનમાં કહે, કાંઇ વાંધો નહિ. ઇ પોતે જ અહીં છે. પછી કુંવરીએ રાક્ષસને કહ્યું, 'ત્યારે કાંઇ વાંધો નહિ. હવે મને નિરાંત થઇ.'

બીજે દિવસે કુંવરીએ કુંવરને વાત કરી.

કુંવર કહે, 'કાંઇ ફિકર નહિ. કાલ વાત.'

ત્રીજે દિવસે રાક્ષસ પૂજા કરવા બેઠો ત્યારે કેસરીસિંહ છાનોમાનો કેળ પાસે આવ્યો ને તલવાર કાઢીને એકજ ઘાએ કેળ તથા ભમરાને કાપી નાખ્યા. ભમરો મર્યો એટલે રાક્ષસનું માથું ધડથી જુદું થયું.

પછી કુંવર અને કુંવરી બંને પરણ્યાં, ને ત્યાં આનંદથી રહેવા લાગ્યાં. એક દિવસ બન્ને જણાં ફરવા ગયાં. ત્યાં રસ્તામાં કુંવરીનું ઝાંઝર

પગમાંથી નીકળી ગયું. ઘરે આવીને જુએ તો ઝાંઝર ન મળે.

આ તરફ એક રાજા શિકારે નીકળેલો. તેણે આ ઝાંઝર જોયું. તે જોઇને રાજાને મોહ થયો કે વાહ ! આ ઝાંઝર કેવું સુંદર છે. એકલાં હીરા માણેક ને લીલમ જ જડયાં છે. આવાં ઝાંઝરની પહેરનારી તો કોણ જાણે કેવીય હશે. બસ ! એને મારા મહેલમાં લાવું.

ઝાંઝર લઇ રાજા ઘેર આવ્યો. ગામમાં ઢંઢેરો ટીપાવ્યો કે આ ઝાંઝરની પહેરનારીને લાવે એને અરધું રાજ્ય આપું.

આ ગામમાં એક ગાંગલી ઘાંચણ રહેતી હતી. તેણે એ બીડું ઝડપ્યું. ગાંગલી પાસે એક ઊડણ ખાટલી હતી. તેના ઉપર બેસીને તે બોલી, ઊડજે રે ઊડણ પાવડી જયાં આ ઝાંઝરની પહેરનારી હોય ત્યાં.

ઊડણ ખાટલી તો ઊડીને ખરરર કરતી આવી કેસરીસિંહના મહેલ આગળ. ગાંગલીએ ધાર્યું કે

ઝાંઝરની પહેરનારી અહીં રહેતી હશે. એણે તો લાંબો સાદ કાઢીને રોવા માંડયું.

કેસરીસિંહ ને તેની રાણી બન્ને હીંચકતાં હતાં. તેમણે આ રોવું સાંભળ્યું. કેસરીસિંહ કહે, 'આપણા ગામમાં કોઇ માણસ નથી અને આ રૂએ છે કોણ? લે હું તપાસ કરૂં.'

રાણી કહે, 'મને જવા દો. બાઇ માણસ છે તે તમારાથી શરમાશે.'

રાણીએ જઇને પૂછ્યું, 'બાઇ, તમે કોણ છો? ને શા માટે રૂઓ છો?'

ગાંગલી કહે, 'અરે બહેન! મારે એક ભાણેજ હતી. તેને રાક્ષસ લઇ ગયો છે. એને ઘણી ગોતી પણ ક્યાંઇ જડતી નથી એટલે મને રોવું આવે છે.'

રાણી કહે, 'ઇ તો હું જ. મને રાક્ષસ ઉપાડી લાવ્યો હતો પણ એને એણે મારી નાખ્યો છે. ચાલો માશી તમે ઉપર આવો.'

રાણી તો એને ખરેખરી માશી માની ઉપર લઇ ગઇ. ત્યાં જઇ કુંવરને કહ્યું, 'આ મારી માશી છે. બિચારાં મારે માટે જ રોતાં હતાં.'

પછી તો ત્રણે જણાં ત્યાં રહેવાં લાગ્યાં ને મજા કરવાં લાગ્યાં. કેસરીસિંહ અને તેની રાણીનો પ્રેમ જોઈ ગાંગલીને વિચાર થયો કે આને છૂટાં શી રીતે પાડવાં! ઘડીએ એક બીજાને એક બીજા વગર ચાલતું નથી. કેસરીસિંહને માર્યો હોય તો બધું કામ થાય પણ એ મરે શી રીતે ?

ગાંગલી તો રાણી ઉપર પેટની દીકરી જેટલું હેત દેખાડવા લાગી.

એક દિવસ ગાંગલીએ કહ્યું, 'બહેન! તારૂં સુખ જોઇને હું બહુ જ રાજી થાઉં છું. પણ આ માણસ વિનાના ગામમાં ન કરે નારાયણ ને તારા વરનું આંખ માથું દુઃખે તો તારૂં શું થાય? ઇ મને બહુ ચિન્તા થાય છે. તું તારા વરને પૂછીને જાણી લે તો સારૂં કે એનું મોત શેણે છે.'

રાણી કહે, 'જાઓ જાઓ, માશી, એવું તે શું બોલો છો! એવું તે પૂછાય? પ્રભુ એવું ન કરે.'

ગાંગલી કહે, 'બહેન, એવું કાંઇ ગમતું હશે પણ આ તો મને ઉચાટ મટે એટલા સારૂ. પછી મને નિરાંત કે મારી ભાણેજ સુખી છે.'

રાણી બિચારી ગાંગલીના ખોટા હેતથી ભોળવાઈ ગઈ. રાત્રે કુંવરની સાથે વાત કરતાં કરતાં તેણે પૂછ્યું, 'તમારૂં મોત શેણે છે?'

કુંવર તરત ચમકી ગયો. કેમ? મારા મોતની તમારે શું જરૂર છે? કાંઈ ગાંડા થયાં છો? કુંવરને શંકા પડી કે રાક્ષસને આમ પૂછીને જ માર્યો હતો.

રાણી કહે, 'ચમકો છો શું કામ? હું કાંઈ તમને મારવાની હતી. આતો મને ખબર હોય તો નિરાંત રહે.'

રાણીનો કુંવર ઉપર અજબ પ્રેમ હતો. કુંવરને કાંઈ એનો અવિશ્વાસ આવે.

કેસરીસિંહ કહે, 'જો જો હો કોઇને કહેશો તો મારૂં મોત થશે. માટે કોઇને ન કહો તો કહું.'

રાણી કહે, 'મારોય વિશ્વાસ નથી આવતો? કાંઇ નહિ. મારે નથી સાંભળવું. હું તે કોઇને કહેવાની હતી?'

કુંવર કહે, 'તમે ખોટું લગાડો મા. તમારો તો

મને વિશ્વાસ છે. પણ જીવ સાટેની વાત એટલે જરા ચેતાવું છું:—'

'અડદના લોટના સાત કુલડાં કરી તેમાં દીવા કરે ને તે દીવા ઘંટીના થાળામાં પાણી ભરી તેમાં તરતા મૂકે, તે દીવા જેમ જેમ બળશે તેમ તેમ મને અસુખ થવા માંડશે. દીવા બળી રહેશે એટલે મારૂં મોત થશે.'

રાણી કહે, 'એવી કોને ખબર હોય તે એમ કરે.'

બીજે દિવસે ગાંગલી કહે, 'કાં બહેન, તારા વરને પૂછી જોયું ?'

રાણી કહે, 'હા. એમનું મોત છે જ નહિ.' ગાંગલી કહે, 'એમ તે હોય ? બેન, મને કહેવામાં કાંઇ હરકત છે ? મને ખબર પડે તો મારે એટલી નિરાંત.'

રાણીએ પહેલાં તો ન કહ્યું, પણ ગાંગલી તો બહુ રોવા માંડી ત્યારે બિચારીએ ભોળવાઇને કહ્યું.

થોડા દિવસ રહી ગાંગલીએ તો રજા માગી

કે મારે હવે ઘેર જવું છે. રાણીએ ઘણી તાણ કરી. ઇ તો કહે, 'હું તો ઘણું રહી હવે જઇશ. તું સુખી છો એટલે મારે ગોળનાં ગાડાં.'

ગાંગલી તો ઘેર ગઇ. સાત આઠ દિવસ જવા દઇ તેણે અડદના લોટનાં કુલડાં કરી ઘંટીના થાળામાં મૂકી દીધા. પછી દીવા કર્યા એટલે કેસરીસિંહના માથામાં સબાકા આવવા લાગ્યા. તરતજ તે જાણી ગયો. તેણે રાણીને કહ્યું, 'રાણી મને મારવાની તૈયારી થતી લાગે છે. મને ઠીક નથી. તમે કોઇને વાત કહી દીધી લાગે છે.'

રાણી તો આ સાંભળી થરથરી ઊઠી. એ કહે, 'મેં ફક્ત મારી માશીને વાત કરી છે. બીજા કોઇને નથી કરી.'

કેસરીસિંહ કહે, 'કોને ખબર ઇ તમારી ખરી માશી હશે ? એણે કીધું ને તમે માન્યું. મેં ના નોતી પાડી કે તમે કોઇને કહેશો નહિ. પણ બાયડીના પેટમાં વાત ન રહે. હમણાં હું મરી જઇશ. પછી શું કરશો ?'

રાણી તો ચોધાર આંસુએ રડવા માંડી. કુંવરની ઘણી માફી માગી પણ હવે શું થાય!

કેસરીસિંહના આખા શરીરમાં મરવા જેવી વેદના થવા લાગી. તેને લાગ્યું કે રાણીનો એમાં કંઇ દોષ નથી.

પછી કેસરીસિંહે રાણીને કહ્યું, 'સાંભળો, મારે ત્રણ મિત્ર છે. તેમાં એક બ્રાહ્મણ છે. તે છ મહિનામાં મરેલાને જીવતા કરે છે. બીજો સુતાર છે. તે બે જાતના વિમાન બનાવે છે. અને ત્રીજો ભરવાડ. કાંઇ પણ નિશાની ઉપરથી માણસને ઓળખી કાઢે છે. પ્રભુ કરે ને છ મહિનામાં એ તમને મળી જાય તો તમને ઓળખે એવું કાંઇક કરવું જોઇએ.' એમ કહી કેસરીસિંહે રાણીની છાતીમાં એક થાપો માર્યો ને કહ્યું, 'આનાથી મારા મિત્રો તમને મારી રાણી તરીકે ઓળખશે. તમે મારા મડાને સાચવીને રાખી મૂકજો.'

રાણી તો સાંભળતી જાય ને રોતી જાય. થોડી વાર થઇ ત્યાં તો કેસરીસિંહના પ્રાણ ઊડી ગયા. રાણી કેસરીસિંહના મડાને બાઝીને ઘણું રોઇ!

છેવટે હૈયું ખરૂં કરીને ઊઠી અને મડું એક પેટીમાં સાચવીને મૂકયું.

થોડા દિવસ ગયા એટલે ગાંગલી આવી. રાણીનો બદલાઈ ગયેલો વેશ જોઇ એ તો રડવા પીટવા લાગી. અરરર ! આ શું થઇ ગયું !

રાણી કહે, 'તમારા જ કામા છે. તમારા વગર મેં કોઇને વાત કરી નથી, તેમ ગામમાં કોઇ માણુસ નથી તે સાંભળે.'

ગાંગલી કહે, 'અરે બહેન ! હું તે ઇ કરૂં ?' એમ કહીને વાતવાતમાં રાણીને ઊડણુ ખાટલીમાં લઇ ગઇ અને તે મનમાં બોલી, 'ઊડજે ઊડણુખાટલી મારે ઘેર.' ત્યાં તો ખાટલી ઘરરર કરતી ઊડીને આવી ગાંગલીને ઘેર.

રાણી તો ગાંગલી ઉપર ઘણી ખીજાણી, પણ શું કરે ? પડે તો મરી જાય ને પછી કેસરીસિંહના મડાનું શું થાય ?

ગાંગલીએ જઇ રાજાને ખબર આપ્યા કે ઝાંઝરની પહેરનારી આવી છે.

રાજા એને મહેલમાં લઇ ગયો અને પોતાની સાથે પરણવાનું કહ્યું.

રાણીએ કહ્યું, 'હું તમને પરણું તો ખરી. પણ હમણાં મારે મારા ધણીનો છ મહિના શોક પાળવો છે, પછી પરણીશ. હમણાં તો ગામ બહાર મને એક મહેલ આપો અને દરરોજ બધાને સદાવ્રત દેવાની ગોઠવણ કરી આપો.'

રાજા કહે, 'બહુ સારૂં, એમાં શું? તમે કહો એમ.'

તરત જ રાજાએ ગામ બહારનો મહેલ રાણીને આપ્યો ને રોજ ખુશી પડે એટલાં સદાવ્રત આપવાની ગોઠવણ કરી.

રાણી તો રોજ સદાવ્રત આપે છે ને વિચાર કરે છે કે છ મહિનાની અંદર કુંવરના મિત્રો આવે તો સારૂં. નહિતર મારે મરવું પડશે. રાણી રોજ સદાવ્રત આપે ને આપતી વખતે પોતાની છાતીનો ભાગ ઉઘાડો રાખે.

કુંવરના મિત્રો જુદા પડયા પછી કુંવરને ગોતતા

ગોતતા ચારે તરફ ફરતા હતા, ને વિચાર કરતા હતા કે આપણે બાયડી છોકરાંને રેઢાં મૂકયાં ને કુંવરને પણ કામ ન આવ્યા. એના વિના પાછું તો નજ જવું.

'ફરતા ફરતા તેઓ ત્રણે આ ગામમાં આવી પહોંચ્યા. અહીં એમને ખબર પડી કે અહીંનાં નવાં રાણી રાજાને પરણવાનાં છે ને તે રોજ સદાવ્રત આપે છે. ત્રણે જણા સદાવ્રત લેવા ગયા. રાણી રોજના નિયમ પ્રમાણે છાતી ઉઘાડી રાખી સદાવ્રત દેવા ગઇ.

એને ભાળીને ભરવાડ તો ભડકયો. તે એના મિત્રને કહેવા લાગ્યો, એલા કહો ન કહો પણ આ આપણા કુંવરની રાણી લાગે છે. આ જો એની છાતીમાં કેસરીસિંહનો છાપો રહ્યો.'

બ્રાહ્મણને સુતાર કહે, 'એલા બોલ મા, કયાંક સાંભળશે તો ફાંસીએ ચઢાવશે. આ તો આ ગામના રાજાને પરણવાનાં છે.'

એમની વાતો સાંભળી રાણીને વહેમ પડયો.

તેણે કહ્યું, 'ભાઇઓ, તમે શું વાત કરો છો, સાચે સાચું કહેજો.'

બ્રાહ્મણ કહે, 'બા, ઇ તો ગાંડો થઇ ગયો છે તે જેમ આવે એમ બોલે છે.'

રાણી કહે, 'પણ મને કહો તો ખરા.'

બ્રાહ્મણ કહે, 'ઇ તો એમ કહે છે કે તમે અમારા મિત્ર કેસરીસિંહની રાણી લાગો છો.'

રાણી–ખરી વાત, 'હું તેમની જ રાણી છું અને તમે મને ઓળખો એટલા માટે એણે મરતી વખતે મારી છાતીમાં થાપો માર્યો છે.'

ત્રણે કહે, 'હેં હેં! શું અમારો મિત્ર મરી ગયો? કેટલું થયું?'

રાણી કહે, 'હજી છ મહિના નથી થયા. હું તમારી જ વાટ જોતી હતી.' પછી રાણીએ માંડીને બધી વાત કરી.

ત્રણે જણ કહે, 'ઠીક આજ તો અમે તમારૂં સદાવ્રત લઇને જઇએ છીએ. કાલે અમે ચિતારા

થઇને આવશું. અમે બે જણ ચિત્ર કાઢશું અને આ સુતાર વિમાન બનાવશે પછી આપણે જશું.'

બીજે દિવસે રાણીએ રાજાને કહેવરાવ્યું કે, 'હવે બે મહિના પછી આપણે પરણવું છે. એટલે આપણા મહેલને રંગવા ચીતરવા બે ત્રણ ચિતારાઓ મોકલો.'

પેલા ત્રણે જણ ચિતારા થઇને આવ્યા. તેમને રાજાએ રાણીના મહેલમાં ચીતરવા મોકલ્યા. બે જણા આડી અવળી પીછી મારે અને ત્રીજો વિમાન બનાવે છે. છ માહનામાં ત્રણ દિવસ બાકી રહ્યા. ત્યાં વિમાન પૂરાં થયાં.

રાણીએ રાજાને કહેવરાવ્યું કે, 'મારે એક જગ્યાએ વ્રત ઊજવવા જવું છે માટે મારી માશી ગાંગલી ને અહીં મોકલજો.'

ગાંગલીને સાથે લીધી. ચાર કળાના વિમાનમાં ગાંગલીને સુતાર બેઠાં. સોળ કળાના વિમાનમાં બે મિત્ર અને રાણી બેઠાં.

વિમાન ઊડયાં. અડધે રસ્તે આવ્યાં ત્યાં દરિયો

આવ્યો. ગાંગલીને તેના કરેલા કર્મનું ફળ આપવા દરિયામાં નાખી દીધી. પછી બધાં રાક્ષસ નગરીમાં આવી પહોંચ્યાં.

ત્યાં જઇ કેસરીસિંહને જીવતો કર્યો. ચારે મિત્રો ઘણે વખતે ભેટયા ને એક બીજાના સુખદુઃખની વાતો કરવા લાગ્યા.

વાત કરતાં કરતાં કેસરીસિંહે કહ્યું, 'જુઓ મને એક બ્રાહ્મણે ચાર સાર આપ્યા છે. તેમાં પહેલો સાર :— આગમનં પગ ઠેશનમ્—એટલે અજાણી જગ્યાએ પગની ઠેસ મારીને બેસવું એવો હતો. મારી નવી માને મહેલ જમવા ગયો. તે વખતે જો ઠેશ ન મારી હોત તો મરી જાત પણ મારો જીવ બચ્યો. બ્રાહ્મણને સવાલાખ રૂપિયા આપ્યા તે હક્ક થયા.

બીજો સાર :—નારી પંથ નીવારણમ્—એટલે સ્ત્રીનો વિશ્વાસ ન કરવો. આ તમારી ભાભીનો મેં વિશ્વાસ કર્યો ને મારા મોતની વાત તેને કરી તો મારૂં મોત નીપજ્યું. માટે બીજો સાર પણ સાચો નીકળ્યો.

ત્રીજો સાર :—સુખે ભાઇ ને દુઃખે મિત્ર. એ પણ સાચો ઠર્યો. તમે મારા મિત્રો મારા દુઃખમાં કામ આવ્યા. હવે એક સાર બાકી રહ્યો છે.

"નજીવી નગરીમાં જાગે તે જીવે
ને ઊંઘે તે મરે."

મારે હવે નજીવી નગરીમાં જવું છે ને જોવું છે કે શું થાય છે. તમે ત્રણ ને તમારી ભાભી ચારે અહીં રહો. હું થોડા દિવસમાં પાછો આવીશ.

પછી કેસરીસિંહ તો નજીવી નગરીમાં ગયો. ત્યાં જઇ એક માળણને ત્યાં ઊતર્યો.

એક દિવસ કેસરીસિંહ ઘરે આવે ત્યાં માળણ બેઠી બેઠી રોતી હતી.

કેસરીસિંહ કહે, 'બહેન, તમે શું કામ રડો છો?'

માળણ કહે, 'ભાઇ અમારા ગામમાં એક રાજ-કન્યા છે, ઇ છે ડાકણ. તે રોજ એક માણસને ભરખી જાય છે. રાજાએ એને ધર્મશાળામાં રાખી છે. રોજ અક્કેક માણસને ત્યાં મોકલે છે. બધાના

વારા આવે છે. મારા ત્રણ ત્રણ દીકરા આવી રીતે મરી ગયા. આજે ચોથાનો વારો છે. છતે દીકરે મારું સત્યાનાશ જશે. હવે હું શું કરું ?'

કેસરીસિંહ કહે, તમે રોશો નહિ, તમારા દીકરાને બદલે હું જઇશ. જાઓ તમે રાજાને કહો કે મારા દીકરાને બદલે બીજો માણસ જશે.

માળણે રાજા પાસે જઇને પૂછ્યું, 'મહારાજ મારા દીકરાને બદલે બીજો મોકલું તો ? રાજા કહે, અમારે તો માણસનું કામ છે. તું તારે ગમે એને મોકલને.

સાંજ પડી. કેસરીસિંહ તલવાર લઇ ધર્મશાળામાં ગયો, જઇને જુએ તો સાવ સૂકાઇને લાકડું થઇ ગયેલી રાજકન્યા પલંગમાં સૂતી હતી. ગમે તેવી તો ય રાજકુંવરી ! આવી દશામાં પણ તેનું રૂપ અને તેજ છાનું નહોતું રહેતું. બીજનો તો ય ચંદ્રને.

કેસરીસિંહે વિચાર કર્યો કે આનામાં ઊઠવાની તો શક્તિ નથી. તોય આજની રાત ચોથા સાર પ્રમાણે બરાબર જાગવુંને જોવું કે શું થાય છે.

કેસરીસિંહે પોતાની સૂવાની જગ્યાએ એક ખડનો પૂળો મૂકયો. અને એના ઉપર લૂગડું ઓઢાડી પોતે એક ખૂણામાં સંતાઇને ઊભો રહ્યો.

બરાબર અડધી રાત થઇ ત્યાં રાજકુંવરીના મોઢામાંથી ફીણ નીકળવા માંડયા. કેસરીસિંહ એક નજરે જોઇ રહ્યો. થોડીવારે રાજકન્યાનું મોઢું ઊઘડયું, અને એક સર્પે બહાર ડોકું કાઢયું. કેસરીસિંહ તો આભો જ બની ગયો. ઘડીકમાં તેને સમજણ પડી ગઇ કે રાજકુંવરીના પેટમાંનો સર્પ રોજ બહાર નીકળી માણસને કરડતો હશે. એટલે માણસ મરી જતો હશે.

કેસરીસિંહ તો લપાઇને બેસી ગયો. સર્પ ધીમે ધીમે બહાર આવ્યો, ને લૂગડું ઓઢાડેલા ખડના પૂળાને બટકાં ભરવા માંડયો. પણ મોઢામાં ખડ આવવાથી તે બહુ જ ખીજાણો. એજ વખતે કેસરીસિંહે તલવાર કાઢી એકદમ સર્પના કટકે કટકા કરી નાખ્યા.

કોઇ વાર પાન ખાતાં ખાતાં રાજકુંવરીના પેટમાં તંબોળી નાગ પેસી ગયેલો તે પેટમાં મોટો

થયો. પછી રોજ રાજકુંવરી સૂઇ જાય ત્યારે બહાર નીકળી માણસને કરડે ને પાછો પેટમાં પેસી જાય. આથી રાજાએ પોતાની દીકરીને જીવતી ડાકણ ઠરાવીને ધર્મશાળામાં રાખી, ને રોજ એક માણસ મોકલવા લાગ્યો.

સર્પને માર્યા પછી કેસરીસિંહ રાજકુંવરીના પલંગ પાસે બેઠો. કુંવરીનું પેટ ખાલી થવાથી થોડીવારે તેને શુદ્ધિ આવી. તેણે પીવા પાણી માગ્યું. કુંવરે તેને પાણી પાયું, પછી રાજકુંવરે રાબ કરીને એને પાઇ. એથી રાજકુંવરીને સારી રીતે શક્તિ આવી.

સવાર પડી. ઢેઢ મડદું ઢસડવા આવ્યો, પણ મડદું ન મળે! રાજકુંવરને પલંગ પર બેઠેલો જોયો. એણે તરત જ જઇને રાજાને વાત કરી. રાજા દોડીને ધર્મશાળામાં આવ્યો. કેસરીસિંહને જોયો. કુંવરીને વાતો કરતી જોઇ. રાજાને બહુ નવાઇ લાગી. કુંવરી આજ વર્ષોથી વાત જ ન કરતી ને બેભાન જેવી પડી રહેતી.

રાજાને જોઇ કેસરીસિંહે કહ્યું, ‘આ તમારી

કુંવરી ડાકણે નથી ને શાકણે નથી. એના પેટમાં સર્પ ગરી ગયો હતો. તે રોજ માણસને કરડતો એટલે માણસ મરી જતો. જુઓ આ સર્પ. તેને મેં મારી નાખ્યો. તમને તમારી કુંવરીની દયા ન આવી, તે કાંઇ તપાસ કર્યા વિના ધર્મશાળામાં કાઢી મૂકી ? શું છે શું નહિ એ તો જોવું તું ? ડાકણ જ ઠરાવી.'

કેસરીસિંહના ઠપકા ભરેલા શબ્દો સાંભળી રાજા ભોંઠો પડયો. તરત જ કુંવરીને મહેલમાં લઇ ગયા. પંદર દિવસમાં કુંવરી સાજી સારી થઇ ગઇ.

પછી કુંવરીએ પોતાનાં માબાપને પોતાનો વિચાર જણાવ્યો:- 'જેણે મને બચાવી તેને જ હું પરણીશ.'

રાજા પણ આ સાંભળી રાજી થયો. ધામધૂમથી રાજકુંવરી અને કેસરીસિંહનાં લગ્ન થયાં. થોડા દિવસ તેઓ આનંદમાં ત્યાં રહ્યા. પછી રાજકુંવરીને લઇ કેસરીસિંહ રાક્ષસ નગરીમાં જવા નીકળ્યો.

રાજાએ કુંવરીને ઘણા દાસ, દાસી, રથ, ઘોડા, હાથી વગેરે આપીને સારો કરિયાવર કરીને દીકરીને વળાવી. કેસરીસિંહે ખોબા ભરીને માળણને સોના મ્હોરો આપી.

કેસરીસિંહ નવી રાણીને લઇ પોતાના મિત્રો પાસે આવ્યો ને બની હતી તે બધી વાત તેમને કરી. બન્ને રાણીઓ પણ આનંદથી રહેવા લાગી. નવી રાણીને જોઇ પેલી એકલી હતી તેથી બહુ જ રાજી થઇને રહેવા લાગી.

કેસરીસિંહે પછી દેશપરદેશ ખબર મોકલ્યા કે બધાએ હવે આ ગામમાં રહેવા આવવું. રાક્ષસને મારી નાખ્યો છે. જે આવશે તેને ઘરબાર મફત આપવામાં આવશે.

ચારે કોરથી માણસો ગામમાં રહેવા આવવા લાગ્યાં. ખેડૂત, વાણિયા, બ્રાહ્મણ વગેરે બધી જાતના લોકોથી શહેર ચિકાર ભરાઇ ગયું. કેસરીસિંહ શહેરનો રાજા થયો અને પોતાની બન્ને રાણી તથા ત્રણે મિત્રો સાથે મોજથી રહેવા લાગ્યો.

એમ કરતાં બાર વરસ પૂરાં થયાં. પછી પોતાના બે મિત્રોને આ રાજ્યમાં રાખી બે રાણી તથા એક મિત્રને લઈ કેસરીસિંહ પોતાના બાપના રાજ્યમાં આવ્યો.

કેસરીસિંહના બાપને પાછળથી ખબર પડેલા કે નવી રાણીએ કુંવરને મારી નાખવાની યુક્તિ કરી હતી. તેથી રાજાએ એ રાણીને પોતાના મહેલમાંથી કાઢી મૂકી ને ગામ બહાર એકદંડિયું માળિયું ચણી ત્યાં રાખી. રાજા ત્યાં કોઈ દિવસ જાય નહિ અને તેનું મોઢુંયે જુએ નહિ.

રાજાને ખબર પડયા કે કેસરીસિંહ બે રાણી પરણીને આ તરફ આવે છે. રાજાની આંખમાં હરખનાં આંસુ આવ્યાં. આજ બાર વરસે એકના એક દીકરાનું મોઢું જોવા મળશે, એ આનન્દથી રાજાનું હૃદય તો ફાટફાટ થઈ ગયું.

રાજાએ ગાજતે વાજતે કેસરીસિંહનું સામૈયું કર્યું. રાજકુંવર અને તેની રાણીઓ મહેલમાં આવ્યાં.

આજ તો રાજાના આનંદનો પાર નહોતો. તેને તો આનંદના ઓઘ વળ્યા હતા. તેણે ગરીબગુરબાંને દાન આપ્યાં, ગાયો આપી, સોનાં આપ્યાં, હીરા આપ્યા, માણેક આપ્યાં, જેને જે જોઇએ તે આપ્યું. રાજાનો ભંડાર આજે ગરીબો માટે ઉઘાડો હતો. દરિદ્રોનાં દળદર આજે ફીટી ગયાં.

રાજાએ કુંવરને પોતાની ગાદી આપી, ને પોતે ઇશ્વર ભજન કરવા લાગ્યો.

કેસરીસિંહે પોતાના બે મિત્રોને રાક્ષસ નગરનો રાજકારભાર સોંપી ત્યાં રાખ્યા. તેનાં બાયડી છોકરાંને ત્યાં મોકલાવી દીધાં. એક મિત્રને પ્રધાન બનાવી પોતાની પાસે રાખ્યો.

જેણે ચાર સાર આપ્યા હતા એ બ્રાહ્મણને કેસરીસિંહે કાયમનું વર્ષાસન બાંધી આપ્યું ને તેને મોઢે માગ્યું દાન આપ્યું.

પછી બધાં આનંદથી રહેવા લાગ્યાં.

ખાધું પીધું ને રાજ્ય કર્યું.

લ[illegible]તી બેન.

શિશુ સાહિત્ય માળા

સંપાદક : વજુભાઇ દવે

બાળવર્ગથી તે ધોરણ ચોથા સુધીના બાળકો વાંચી શકે તેવા શાસ્ત્રીય પદ્ધતિથી લખાએલાં પુસ્તકો

રઘુરાજા અને બીજી વાતો	મોંઘીબેન
આલાખાચર અને બીજી વાતો	મોંઘીબેન
કેસરીસિંહ	મોંઘીબેન
અમથારામ	સોમાભાઇ ભાવસાર
નવી ઇસપનીતિ	ગિજુભાઈ
નાના હતા ત્યારે	સોમાભાઇ ભાવસાર
કેમ રહેવાય	ગિજુભાઇ
ફુલોની સુગંધ	ગિજુભાઇ
આપણી વનસ્પતિઓ	ગિજુભાઇ
૧૯૩૦ની લડાઇ	રામભાઇ પાઠક
વાર્તા ગુચ્છ	ગિરીશભાઇ
અમારૂં પતંગીયું	વજુભાઇ દવે
પુંડરીકનાં બાલગીતો	પુંડરીક
આપણું ગામ	વજુભાઇ દવે
વાર્તા મંજરી	સોમભાઇ પટેલ
બારોટના ઉખાણા	ગુલાબસિંહ
શ્રમજીવીઓ	મયંક
રૂપ સુંદરી	ચંદ્રભાઇ ભટ્ટ
ફરવા જતાં	ઉમાશંકર જોશી

મળવાનું સ્થળ :

જેચંદ તલકશી એન્ડ સન્સ

એમ્પાયર બીલ્ડીંગ, હોર્નબી રોડ, **મુંબાઇ**